# NME-ICT અધ્યાપકો માટે સોનાનો સૂરજ

ભારતમાં સાક્ષરતા દર ૬૪.૮ ટકા છે. એટલે કે ૩૫ ટકા જેટલા વ્યક્તિઓને આપણે હજુ સાક્ષર કરી શક્યા નથી. શૈક્ષણિક સંસ્થાઓની સંક્યામામ થતો વધારો પણ સંતોષ ઉપજાવે તેવો નથી.પ્રાથમિક,ઉચ્ચ પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ૨૦૦૧ થી ૨૦૦૩માં વિદ્યાર્થીઓના નામાંકનમાં થતો વધારો અનુક્રમે ૪.૨૪, ૪.૫૯,૮.૯૩ ટકા હતો. ૨૦૦૦ થી ૨૦૦૪ વચ્ચે શાળા છોડીને જનારની સંખ્યા ૪૦ ટકા થી ૩૧ ટકા વચ્ચે રહી હતી. બીજી બાજુ આપણી પાસે અપેક્ષિત બુદ્ધિજીવી માનવ સંસાધન અને દરેક ક્ષેત્રમાં નિષ્ણાતો છે, શિક્ષણને પ્રાધાન્ય આપતો બહોળો મધ્યમવર્ગ,શૈક્ષણિક અને સંશોધનક્ષેત્રે વિશ્વસ્તરીય શૈક્ષણિક સંસ્થાઓ, ભણેલાના જ્ઞાનનો ઉપયોગ કરવા માટે વિવિધ સંસ્થાઓ અને ઉદ્યોગગૃહો છે. ટેકનોલોજી ક્ષેત્રે ભારત સતત વિકાસ સાધી રહ્યું છે. એડયુસેટનો ઉપયોગ, દૂરદર્શન પર પ્રસારિત થતા શૈક્ષણિક કાર્યક્રમો, મધ્યાહન ભોજન અને મફત પાઠ્યપુસ્તકો છતાં શૈક્ષણિક રીતે વિકાસમાં મંદગતિ!

ઉપરોક્ત સમસ્યાઓને નિવારવા નવા રસ્તા શોધવાની આવશ્યકતા ઊભી થઇ. જેમાં નિષ્ણાતોને શિક્ષણમાં આઇ.સી.ટી.નો ઉપયોગ કરવાના કાર્ય પર વધુ વિશ્વાસ બેઠો. જેના અનુસંધાને માનવ વિકાસ મંત્રાલયે એન.એમ.સી.-આઇ.સી.ટી. નામ હેઠળ એક મિશન હાથ ધર્યું છે. એન.એમ.સી.-આઇ.સી.ટી. એટલે નેશનલ મિશન ઓન એજ્યુકેશન થ્રુ ઇન્ફર્મેશન કમ્યુનિકેશન એન્ડ ટેનોલોજી. જેનો નિર્ણય ત્રીજી ફેબ્રુઆરી ૨૦૦૯ માં કરવામાં આવેલો અને ૫૦૦ કરોડથી પણ વધુ રૂપિયાની ફાળવણી પણ કરી. જેની પાછળનો મુખ્ય હેતુ ભારતમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે આઇ.સી.ટીના ઉપયોગના વ્યાપને વધારવો. જેનો લાભ ભારતના પચાસ કરોડ વિદ્યાર્થીઓને શીખવા માટેની જરૂરિયાત પૂરી પાડવી અને વિદ્યાર્થીઓને આ જરૂરિયાત એક જ જગ્યાએથી ઉપલબ્ધ બને તે છે.આ ઉપરાંત તેનો ફાયદો અધ્યાપકોને પણ મળશે. દુનિયા જ્યારે આઇ.સી.ટી.ના ઉપયોગ દ્વારા પોતાના માનવ સંસાધનને વિકસિત કરી રહી છે ત્યારે ભારત પણ તેમાં પાછળ રહી ન જાય અને ભારતનું યુવાધન દુનિયા સાથે કે તેનાથી પણ આગળ પોતાના ડગ માંડી શકે. જો ભારતનો યુવાન અન્ય દેશમાં વધતા જ્ઞાન સાથે સંતુલન નહીં સાધી શકે તો નુકશાન ભારતના સૌ નાગરિકોને જ છે. જેમાં આઇ.સી.ટી.નો ઉપયોગ કરી જ્ઞાનનો વિસ્તાર કરવો. ભારતની ૪૧૬ યુનિવર્સિટીની ૨૦,૦૦૦ કોલેજોના વિદ્યાર્થી કે અધ્યાપક ગમે ત્યાં અને ગમે ત્યારે તેનો ઉપયોગ કરી શકે. આ માટે કેન્દ્ર સરકાર દ્વારા યુનિવર્સિટીઓ, કોલેજોને આઇ.સી.ટી. માટે જરૂરી વ્યવસ્થા ઊભી કરવા ૭૫ ટકા જેટલી સહાય આપવામાં આવશે. બાકીની વ્યવસ્થા રાજ્ય સરકાર કે યુનિવર્સિટી કરશે.

આ મિશન હેઠળ અધ્યાપકો દ્વારા ઇ-કન્ટેન્ટ અને ઇ-રિસોર્સીઝ તૈયાર કરાવવામાં આવશે. જે માટે ૪૦ કલાકના ઇ-કન્ટેન્ટ માટે સરકાર રૂપિયા સાત લાખથી ૨૫ લાખ સુધીની આર્થિક મદદ કરશે. એટલું જ નહીં આ તમામ સામગ્રી ઇન્ટરનેટ પર મૂકવામાં આવશે. જેનો લાભ વિદ્યાર્થીઓ અને અધ્યાપકો મેળવી શકશે.

ગુજરાત એ દેશનું સૌથી પહેલું રાજ્ય છે કે જેને આ મિશનને ફળિભૂત કરવા આઠ યુનિવર્સિટીની ૩૯૭ કોલેજોમાં દરેક કોલેજ દીઠ સરેરાશ દસ ઇન્ટરનેટ કનેકશન આપ્યા છે. હજુ પણ જે કોલેજો આવા જોડાણ મેળવવા માંગતી હોય તેના માટેના દ્વાર સરકારે ખુલ્લા રાખ્યા છે. એટલું જ નહીં બી.એસ.એન.એલ.ના દરેક એરિયાના જનરલ મેનેજર સાથે ચર્ચા કરીને કોલેજોને કોઇ અસુવિધા ઊભી ન થાય તેનો ખ્યાલ રાખવા વિશિષ્ટ પ્રયાસો પણ કર્યા છે.

આપણા રાજ્યની યુનિવર્સિટીઓના અધ્યાપકો અને પ્રિન્સિપાલ વિવિધ પ્રકારના પ્રોજેક્ટસ લઇને પોતાનું તેમજ રાજ્યનું ગૌરવ વધારીને વિદ્યાર્થીઓ માટે ઇકન્ટેન્ટ તૈયાર કરે તે માટે વર્કશોપનું આયોજન

અમદાવાદમાં કરેલું. જેમાં પ્રથમ વર્કશોપમાં રાજ્યના શિક્ષણ વિભાગના અગ્રસચિવશ્રી અઢિયા સાહેબ અને ઉચ્ચશિક્ષણ કમિશ્નર શ્રીમતી જયંતિ રવીબેન હાજર રહીને અધ્યાપકોને પ્રોત્સાહન સાથે માહિતી પૂરી પાડેલી. આ માટે ગુજરાતના અગ્રસચિવશ્રી અઢિયા સાહેબ દિલ્હી પણ જઇને આવ્યા છે. આ વર્કશોપમાં લગભગ ૩૫૦ જેટલા અધ્યાપકો અને આચાર્ય હાજર રહેલા. જેમાં ઇન્દિરા ગાંધી યુનિવર્સિટી, આઇ.આઇ.એમ. અમદાવાદ અને જોધપુર, જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ પણ હાજર રહ્યા હતા. આ સૌ પ્રતિનિધિઓ ગુજરાતની પહેલ  અને પ્રયત્નોથી ખૂબ જ પ્રભાવિત થયા હતા.જેઓએ ઇકન્ટેન્ટ તૈયાર કરવા માટે કેટલાક સૂચનો કરીને માર્ગદર્શન પૂરું પાડેલ.

અધ્યાપકો માટે આ સોનાના સૂરજ સમાન એટલા માટે છે કે, તેમણે અભ્યાસક્રમને સલંગ્ન વિષયવસ્તુ પસંદ કરીને તેને ઇકન્ટેન્ટમાં ફેરવવાની છે. જેથી અધ્યાપકોનું કન્ટેન્ટ ખૂબ જ સમૃદ્ધ બનશે, સાથે તેમણે કરેલ ખર્ચ પણ મળશે. આટલું પૂરતું ન હોય તેમ આ વિષયવસ્તુને ઇન્ટરનેટ પર સરકાર પોતાના ખર્ચે મૂકશે. જેથી અધ્યાપકને પ્રસિદ્ધિ પણ મળશે. આ પ્રોજેક્ટ સાથે સંકળાયેલ નિષ્ણાતો એટલા વિશ્વાસુ અને નમ્ર બની રહેવાના છે કે, પ્રોજેક્ટ માટે કોઇ અધ્યાપકે મૂકેલ દરખાસ્તને રદ નહીં કરે. જો કોઇ અધ્યાપકની દરખાસ્ત યોગ્ય નહીં હોય તો નિષ્ણાતો જે તે અધ્યાપકને માર્ગદર્શન આપીને ફરી દરખાસ્ત મૂકવા માટે પ્રોત્સાહિત કરશે.

રાજ્ય અને કેન્દ્ર સરકારના આ મિશનને સફળ બનાવવા  ઉચ્ચશિક્ષણ કમિશ્નરની કચેરી વિવિધ પ્રયત્નો કરી રહી છે. જેમાં હજુ પણ વધુ પ્રમાણમાં વર્કશોપ યોજશે અને અધ્યાપકોને આ માટે પ્રોત્સાહન અને માર્ગદર્શન પૂરું પાડશે. જો કોઇ અધ્યાપક પોતાની રીતે માહિતી મેળવવા ઇચ્છતા હોય તો તેઓ માનવ સંસાધન વિકાસ મંત્રાલયના સહયોગથી ચાલુ કરેલ "સાક્ષાત"ની વેબસાઇટ **www.sakshat.ac.in** પરથી માહિતી મેળવી શકે છે. આ મિશનને એટલું પારદર્શક બનાવવામાં આવ્યું છે કે, અધ્યાપક કોઇ વ્યકિંતને મળ્યા સિવાય પણ પોતાની રીતે કામ કરી શકશે. બધી જ બાબતો ઓનલાઇન કરી દેવામાં આવી છે. તમે ઉપરોક્ત વેબસાઇટ પરથી માહિતી તો મેળવી શકશો, પણ સાથે દરખાસ્ત પણ વેબસાઇટ પર જ કરવાની છે, તમારી દરખાસ્તનું પરિણામ પણ તમે ત્યાંથી જ જાણી શકશો. ઉપરાંત તમારા પ્રોજેક્ટને પણ તમારે ઉપરોક્ત વેબસાઇટ પર જ મૂકવાનો છે. અધ્યાપકોને દરખાસ્ત રજૂ કરવામાં મુશ્કેલી ન પડે તે માટે એક નમૂનો પણ મૂકવામાં આવ્યો છે.

કેન્દ્ર અને રાજ્ય સરકારના આટલા સરાહનીય પ્રયત્ન પછી પણ જો અધ્યાપકો આ અભિયાનમાં ન જોડાય તો તે તેમનું કમનસીબ બની રહેશે. આમ પણ યુ.જી.સી. અધ્યાપકોને પ્રમોશન માટે ચોક્કસ નિયમો કરવા જઇ રહી છે ત્યારે ઉપરોક્ત મિશન નીચે કરેલ કાર્ય દરેક અધ્યાપકોને ખૂબ જ ઉપયોગી થઇ પડશે.  એન.એમ.ઇ.-આઇ.સી.ટી. મિશનમાં અધ્યાપકો માટે તો મોસાળમાં મા પિરસવા આવી તેના જેવું છે. કારણ કે અધ્યાપકને પૈસો અને પ્રસિદ્ધિ બંને મળશે. સાથે અધ્યાપકે કરવાનું છે શું ? તેઓએ જે ભણાવવાનું છે કે જે ભણાવે છે તેને માટે કમ્પ્યૂટરની મદદથી ઇકન્ટેન્ટ તૈયાર કરવાનું છે. જો પોતાની પાસે કમ્પ્યૂટરનું પૂરતું જ્ઞાન ન હોય તો તેઓ આસિસ્ટન્ટની મદદ લઇ શકે છે. જેનો ખર્ચ પણ સરકાર જ ચૂકવશે.જે સમય આપવા માગતા કોઇ પણ અધ્યાપક માટે મુશ્કેલ નથી. તો સૌ અધ્યાપક મિત્રોને વિનંતી કે, સરકારના આ મિશનમાં જોડાઇને પોતાના વિકાસની સાથે સમાજના વિકાસ માટે કાર્ય કરે.